ગાંધીનગર સમાચાર

# મોડાસામાં અનામત મેળવવા ભુદેવોનો હુંકાર



## ‘જબ જબ બ્રાહ્મણ બોલા હૈ રાજ સિંહાસન ડોલા હૈ’ : ભુદેવોના સમર્થનમાં સોની સમાજ પણ અનામતની માંગ સાથે જોડાયો

મોડાસા, તા.૩૧

સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી પાટીદારોએ અનામત મેળવવા માટે આંદોલનનું રણશીંગુ ફુકયા બાદ હવે ગુજરાત રાજ્યની વિવિધ જ્ઞાતીના હાલ અનામતમાં ન આવતા હોઈ તેવા લોકો પણ અનામતની માંગ સાથે મેદાને ઉતરી પડયા છે. જેમાં ખડાયતા સમાજ, રાજપુત સમાજ, સોની સમાજ, બ્રાહ્મણ સમાજ શ્રીમાળી અને લોહાણા સમાજ જેવી જ્ઞાતીઓનો સમાવેશ થાય છે. આ સમાજના લોકોના મત પ્રમાણે પાટીદારો કરતા પ્રમાણમાં જુજ વસ્તી ધરાવતા આ બંન્ને સમાજ ઓબીસી સમાજમાં સમાવિષ્ટ ૧૪૬ જાતીઓ પૈકીની ઘણીખરી જાતીઓના પ્રમાણમાં આર્થિક અને શૈક્ષણીક રીતે ઘણી પાછળ હોવાની રજુઆત સાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

અનામતની આગને લઈને તારીખ ૨૫ના રોજ અમદાવાદ ખાતે પાટીદારો દ્વારા ક્રાંતી રેલી યોજવામાં આવી હતી અને ત્યારબાદ સમગ્ર ગુજરાત રાજયમાં કેટલાક તોફાની તત્વો દ્વારા રેલીમાં ઘુસી જઈ તોડફોળ કરવામાં આવી હતી. જેના પગલે સમગ્ર ગુજરાત રાજયમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. જેમાં પોલીસ અને પાટીદારો સામસામે આવી ગયા હતા. જેને લઈને ગુજરાત રાજયની સરકારી તીજોરીને કરોડો રુપીયાનું નુકસાન વેઠવામાં આવ્યુ હતું ત્યારે આ મામલો હજુ થાડે પડ્યો નથી. ત્યા તો આજ રોજ અરવલ્લી જીલ્લામાં મોડાસા ખાતે આવેલ કલ્યાણચોક ખાતે અરવલ્લી જીલ્લાના મોડાસા, મેઘરજ, ભીલોડા, બાયડ, ધનસુરા અને માલપુર તાલુકાના ભુ દેવો હજારોની સંખ્યામાં એકત્રીત થયા હતા. સામાજમાં કોઈપણ વર્ગનો હક છીનવ્યા વગર બ્રાહ્મણો આજરોજ માલપુર રોડ પર આવેલ કલ્યાણ ચોક ખાતે એકત્રીત થઈ અનામતની માંગ બુલંદ બનાવી હતી. ત્યારે એકત્રીત થયેલા પાટીદારો પીતાંબર પહેરી જનજાગૃતી રેલીમાં જોડાયા હતા.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

કલ્યાણચોક ખાતે એકઠા થયા બાદ ભુદેવો દ્વારા પોતાને પણ અનામતમાં સમાવવાની માંગ સાથે કલ્યાણ ચોકથી લઈ કલેકટર કચેરી



સુધી રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં બ્રહ્મણો દ્વારા વિષ્ણુ કે છઠ્ઠે અવતાર પરશુરામ કી જય જય કાર, જબ જબ બ્રાહ્મણ બોલા હૈ રાજ સિંહાશન ડોલા હૈ તેવા સુત્રોચ્ચાર સાથે વાતાવરણ ગુજવી નાખ્યુ હતુ અને ત્યારબાદ અરવલ્લી જીલ્લા કલેકટર એસ. છાકછુઆકને આવેદન પત્ર આપી પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવા વિનંતી કરવામાં આવી હતી.

તાજેતરમાં જ પાટીદાર અનામત આંદોલનના પગલે થયેલી હિંસા બાદ સ્થાનિક પોલીસ કાયદો અને વ્યવસ્થા અંગે સચેત બની છે ત્યારે આ રેલીના પગલે જીલ્લા પોલીસ વડાની રાહબરી હેઠળ પુરતો પોલીસ બંદોબસ્ત મોડાસા શહેરમાં ગોઠવી દેવામાં આવ્યો હતો.

# અરવલ્લીમાં મેઘરાજાની પધરામણી : જગતનો તાત મલકાયો

મોડાસા, તા.૩૧

અરવલ્લી જીલ્લામાં છેલ્લા એકાદ મહિના ના વિરામ બાદ મેઘરાજા એ ફરીથી અરવલ્લી જીલ્લામં પધરામણી કરી છે. ત્યારે છેલ્લા બે ત્રણ દિવસ થી અસહ્ય ગરમી અને બફારા ને કારણે જનજીવન ત્રસ્ત બન્યુ હતુ. ત્યારે આજરોજ વહેલી સવારથી જ વાતાવરણ માં પલટો આવ્યો હોય તેમ અચાનકજ વાદળ છાયું વાતાવરણ થતા વરસાદના એંધાણ છવાયા હતા.

ત્યારે આજ રોજ સવારે અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા માં મેઘરાજા એ સવાર થી જ પધરામણી કરી હતી. અને વરસાદી ઝાપટુ પડતા



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અને લોકો એ ગરમીથી રાહત મેળવી હતી. આ અરવલ્લી જીલ્લા ના બાયડ , ધનસુરા, સાથે અન્ય તાલુકા માં પણ વરસાદી ઝાપટુ પડતા વાતાવરણ માં ઠંડક પ્રસરી હતી.

એક મહિનાના વીરામ બાદ આવેલા વરસાદને પગલે ખેતીના મુરજાયેલા ભાગને લઈને ખેડુતો ચિંતાતુર બન્યા હતા ત્યારે શ્રાવણમાસના છેલ્લા દિવસોમાં ગરમીથી પ્રજા વ્યાકુળ બની ગઈ હતી. ત્યારે આજ રોજ મેઘરાજાએ ફરીથી વધામણા કરતા જીલ્લાના ચિંતીત બનેલા ભુમી પુત્રો મલકાઈ ઉઠ્યા હતા. અને ચોમાસુ પાકને જીવતદાન મળ્યુ હતુ.

## પગે અપંગ હોવા છતા પણ અનામત મેળવવા રેલીમાં અડગ મન સાથે યુવક હાજર રહયો



આજરોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે બ્રાહ્મણો ધ્વારા એક રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં અરવલ્લી જીલ્લાના ભીલોડા તાલુકાના પાલ્લા ગામનો અપંગ યુવક અડગ મન સાથે અનામત મેળવવા માટે આ રેલીમાં જોડાયો હતો.

### બ્રહ્મ સેનાની ટી-શર્ટ પહેરેલા સ્વયંસેવકો ખડેપગે

સમગ્ર ગુજરાત રાજયમાં આનામત મેળવવા માટે પાટીદાર સમાજના આંદોલન બાદ આજરોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે બ્રાહ્મણો ધ્વારા એક રેલી યોજવામાં આવી હતી. જયારે આ રેલીમાં કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના ભાગરૂપે બ્રહ્મ સમાજની ટી શર્ટ પહેરેલા બ્રહ્મ સેનાના સ્વયંસેવકોએ ખડેપગે ફરજ બજાવી હતી.

# અરવલ્લીમાં ઈન્ટરનેટ સેવા પુનઃ શરૂ

## આખરે પાંચ દિવસે સ્માર્ટ ફોનમાં જીવ ફૂંકાયો બધા ઓફ લાઈન મોબાઈલ ઓનલાઈન થઈ ગયા

મોડાસા, તા. ૩૧

પાટીદારોએ અનામત મેળવવા શરૂ કરેલા આંદોલનને કારણે ૨૫મી ઓગષ્ટે વિશાળ રેલી યોજી હતી જે બાદ પોલીસદમનની ઘટના થતા અમદાવાદ સહિત અનેક શહેરોમાં સોશ્યલ મિડીયા પર તોફાનોના ફોટા અને વિડીયો વાયરલ થતાં તંત્ર દ્વારા આ શહેરોમાં ઈન્ટરનેટ સેવા સંપૂર્ણ પણે ઠપ્પ કરી દેવામાં આવી હતી. આખરે પાંચ દિવસ બાદ ઈન્ટરનેટ સેવા પુનઃ ચાલુ કરવામાં આવી છે.




૨૫મીએ સમગ્ર ગુજરાતને પાટીદારોએ બાનમાં લીધુ હતુ. તો બીજી બાજુ પોલીસે પણ સોસાયટીઓ અને ઘરોમાં ઘુસીને સોધી શોધીને પાટીદારોને ફટકારવામાં આવ્યા હતા. આ બન્ને ઘટનાના વીડીયો વોટ્સએપ અને ફેસબુક, ટ્વીટર જેવી સોશિયલ મીડીયા ઉપર વાયરલ થયા હતા. ત્યારે આ વાયરલ થયેલ વીડીયોના કારણે આ શોસીયલ સાઈટો ઉપર અફવાઓનો દોર શરૂ થયો હતો. જેને લઈને ગુજરાત રાજ્યમાં પરિસ્થિતિ બેકાબુ બની હતી. ત્યારે આ પરિસ્થિતિ ઉગ્ર સ્વરૂપ ધારણ ન કરે તે માટે સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટની સુવિધા પુરી પાડતી મોબાઈલ સર્વીસ પ્રોવાઈડરોને આ સુવિધાઓ બંધ કરવાના આદેશ કરવામાં આવ્યા હતા. ત્યારે તા. ૨૬ની રાત્રીના સમયથી સમગ્ર ગુજરાત રાજ્યમાં ઈન્ટરનેટ સુવિધા બંધ થતાં અફવાઓનો દોર થંભી ગયો હતો. ત્યારે બીજી બાજુ છેલ્લા ચારેક દિવસથી ઈન્ટરનેટ સુવિધા બંધ રહેતા સતત સોશીયલ મીડીયા સાથે કનેક્ટ રહેતા યુવાનો અને યુવતીઓ કંટાળી ગયા હતા. ત્યારે આ દિવસોમાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર પણ આવતો હોઈ ઈન્ટરનેટ સુવિધા બંધ હોવાના કારણે લોકો એક બીજાને શુભેચ્છાઓ પાઠવી ના શકતા નિરાશ થયા હતા. ત્યારે સરકાર દ્વારા તા. ૩૧ના રોજ બપોર બાદ ઈન્ટરનેટ સુવિધા સમગ્ર ગુજરાત રાજ્યમાં અને અરવલ્લી જિલ્લામાં ચાલુ કરાતા યુવકો અને યુવતીઓ ખુશીથી જુમી ઉઠ્યા હતા.

# હાઈકોર્ટની લાર્જ બેન્ચ સુધી પહોંચેલ પરથીભાઈને ફરી ડેલીએ હાથ લગાડીને પાછા ફરવું પડ્યું

## આખરે જુનુ સિમાંકન માન્ય રહેતા વર્ષોથી ગાદીએ બેઠેલ પરથીભાઈ બેચેન

પાલનપુર, તા. ૩૧

બનાસડેરીના વર્તમાન ચેરમેન વર્ષો જુની પોતાની ખુરશી બચાવવા માટે ઘણા પેતરા ચાલુ કર્યા તે પૈકી સીમાંકનનો તક્ષો રચી અન્યાય રૂપે ફરી પોતે સત્તામાં ટકી રહે અને પોતે કરેલ ભુતકાળના ભ્રષ્ટાચારો ઉપર તાળુ મરાયેલ રહે તેવો ઘાટ ઘડેલ પરંતુ સરકારશ્રી દ્વારા પરથીભાઈના એ મનસુબાનું પાણી ફર્યુ હોય તેવું લાગતા બેચેન બનેલા વર્તમાન ચેરમેને પોતાના ગૃપની મંડળીઓ દ્વારા નામદાર હાઈકોર્ટમાં એસ.સી.એ દાખલ કરી પરંતુ નામદાર હાઈકોર્ટે સરકારના નિર્ણયને માન્ય રાખતા રઘવાયા બનેલ ચેરમેન દ્વારા ફરી ચીફ જસ્ટિસ સાહેબશ્રીની કોર્ટમાં રીટ પીટીસન દાખલ કરતા નામદાર લાર્જર બેચ દ્વારા



સરકારશ્રીના નિર્ણયને યોગ્ય ઠેરવી તેમની અરજી દાખલ ના થતાં બાવાના બે બગડ્યા જેવો ઘાટ ઘડાયો છે. અને હવે વર્ષો જુનુ શાસન હલી જવાના ડરથી આડકતરી રીતે ડેરીનો ઉપયોગ કરી ચેરમેન/મંત્રી ઉપર દાબ પાડવાનો આનૈતિક નિરર્થક પ્રયત્ન કરી રહ્યા છે. આવા સમયે જિલ્લાના પશુપાલક તેમજ ડેરી સંચાલકો ભયના વાતાવરણમાંથી મુક્તિ ઈચ્છી રહ્યા છે. વર્તમાન પેનલને રોજેરોજ નવા ઝટકા મળતા સામે પક્ષે પણ મજબુત મનોબળ સાથે સતત નવુ પરીવર્તનનું વાતાવરણ તૈયાર કરવા લાગી ગયેલ છે ત્યારે બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી સંસ્થામાં રાજકીય આટાપાટાની વચ્ચે સતત રાજકીય ગરમાવો ચાલી રહેલ છે.



## પાલનપુર આદર્શ નિવાસી શાળાની બાળાઓ કબડ્ડીની સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા

જિલ્લા રમત ગમત અધિકારીની કેચરી દ્વારા બનાસકાંઠા જિલ્લાકક્ષાની સાળાકીય અંડર-૧૯ કબડ્ડી સ્પર્ધા શ્રી સરસ્વતી હાઈસ્કૂલ, નાની આખોલ ખાતે યોજાઈ હતી. જેમાં પાલનપુર આદર્શ નિવાસી શાળાની બેહનોએ જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર લાવી પાલનપુર તાલુકા અને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ટીમ હવે રાજ્યકક્ષાએ રમવા માટે જશે. કબડ્ડીની સ્પર્ધાની ટીમમાં હેતલ આઈ.ડાભી, રશ્મિ બી. વાંસિયા, લક્ષ્મી બી. પરમાર, પુષ્પા બી. ડામોર, લીલા આર. ભગોરા, દેવલી એમ. ધ્રાંગી, રમીલા એમ. ચૌહાણ અને શારદા ચૌધરીએ ભાગ લીધો હતો. આ બાળાઓને જવલંત સફળતા અપાવવા શાળાના આચાર્યશ્રી એન.કે. ચૌધરી અને વ્યાયામ શિક્ષકશ્રી પી.એચ. પટેલે વિદ્યાર્થીનીઓના માર્ગદર્શક અને કોચ તરીકેની ભૂમિકા ભજવી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજ માર્કેટયાર્ડના ચેરમેન, વા. ચેરમેનની બિનહરિફ વરણી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડમાં તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ સભ્યો માટેની ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી બાદ તા. ૩૧-૮-૨૦૧૫ને સોમવારના રોજ ચેરમેન તથા વાઈસ ચેરમેનની ચૂંટણી સભ્યોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં ચુંટાયેલા ૧૪ સભ્યોમાંથી ચેરમેન તથા વાઈસ ચેરમેનની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સોમવારના દિવસે ચૂંટણી અધિકારી આસોડિયાની આગેવાની હેઠળ ચૂંટણી અંગેની જાહેરાત પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં ચેરમેન તરીકે પટેલ ભોગીલાલ રમણભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે નરસિંઘાણી મહેશકુમાર વિષ્ણુપ્રસાદની ઉમેદવારી સામે અન્ય કોઈ ઉમેદવારોનું નામ જાહેર ના થતાં ચેરમેન તથા વાઈસ ચેરમેન સર્વાનુમતે જાહેર થતાં ચૂંટણી અધિકારીએ ચેરમેન તથા વાઈસ ચેરમેનની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. જ્યારે બન્નેના સમર્થકોને ફૂલહાર પહેરાવી મોઢું મીંઠુ કરવામાં આવ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# રાજગોળ ગામે ગરનાળા પરનો પુલ તુટી જતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

## ગામ અને મુખ્ય માર્ગ વચ્ચેનો અવરજવર ખોરવાયો

ઈસરી, તા. ૩૧

મેઘરજ તાલુકાના રાજગોળ ગામે ગ્રામજનોના અવરજવર માટે સ્થાનિક તંત્ર દ્વારા ગરનાળા પર કહેવા પુરતો પુલ બનાવવામાં આવ્યો હતો. પરંતુ વરસાદને લીધે પુલની બન્ને સાઈડો તુટી જવા પામી છે. આથી ૭૦ જેટલા પરિવારોએ કાયમી અવર જવર જીવના જોખમે કરવુ પડે છે. પરિણામે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે.

મેઘરજ તાલુકા રાજગોળ ગામમાં ૭૦ જેટલા વનવાસી પરિવારો ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન કરે છે. આ ગામના રહિશો માટે ગામ અને સીટી વચ્ચે એક માત્ર ડામરનો કહેવા પુરતો રસ્તો આવેલો છે. આ રસ્તા પર ગરનાળુ આવતુ હોવાથી સ્થાનિક તંત્રે ગરનાળા પર પુલ બાંધવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા ઘણા સમયથી બિસ્માર બનેલા આ પુલની બન્ને સાઈડો ભારે વરસાદને કારણે તુટી જવા પામી હતી. પરિણામે આ ગામના સ્થાનિકો દરરોજ ચાલતા અને વાહન પર ભયજનક પુલ પરથી અવર જવર કરવી પડે છે. આ સ્થિતિને કારણે ભવિષ્યમાં ભયંકર ઘટના બનવાની સંભાવના વર્તાય છે.

આ તુટેલા પુલ અંગે સ્થાનિકોએ અનેક રજુઆતો તંત્રના અધિકારીઓને તેમજ ગ્રામ પંચાયતને કરી છે તેમ છતાં આજ દિન સુધી આ મામલે કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી જેના પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. અને તાત્કાલિક ધોરણે આ પુલનું રીપેરીંગ કામ કરવા માંગ કરી રહ્યા છે. ટુંકા ગાળામાં આ પુલ રીપેર નહીં થાય તો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## મોડાસા મેવાડ મહેશ્વરી સમાજના હોદ્દેદારોની વરણી

મોડાસામાં આવેલ મેવાડ મહેશ્વરી સમાજના કાર્યકારીણીની મુદત પુરી થતાં વિશ્વકર્મા મંદિરમાં રવિવારના રોજ મળેલી સમાજની મીટીંગમાં નવિન કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં લક્ષ્મીલાલ મુંગડ (અધ્યક્ષ), સત્યનારાયણ તોતલા (ઉપાધ્યક્ષ), ઓમપ્રકાશ કાબરા (મંત્રી), કોષાધ્યક્ષ તરીકે ગોપાલ ઈનાણીની વરણી કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓએ નવીન કારોબારી કમીટીને અભિનંદન પાઠવ્યા હતા.